NAVSARI AGRICULTURAL UNIVERSITY

**કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી-૩૯૬૪૫૦**

**વિષય : ચોમાસા ઋતુની આગોતરી તૈયારીના ભાગરૂપે બિલ્ડીંગના ટેરેસની સાફ-સફાઇ થવા બાબત..**

## :: પરિપત્ર ::

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ યુનિવર્સિટીના વિવિધ મહાવિદ્યાલયો, વિભાગો, હોસ્ટેલો, કચેરીઓ તથા અન્ય બિલ્ડીંગોના ટેરેસ ઉપર પાન, કચરો, માટી, ઘાસ તથા અન્ય અવરોધક સામગ્રી એકત્રિત થવાને કારણે વરસાદી પાણીના નિકાલમાં અડચણ સર્જાઈ શકે છે, જેના પરિણામે બિલ્ડીંગોમાં પાણી ટપકવાની, ભેજ થવાની તેમજ માળખાકીય નુકસાન થવાની શક્યતા રહે છે. આથી યુનિવર્સિટીના તમામ વિભાગ/મહાવિદ્યાલય/કેન્દ્રના વડાશ્રીઓને જણાવવાનું કે, પોતાના તાબા હેઠળની તમામ બિલ્ડીંગોના ટેરેસ, વરસાદી પાણીની પાઇપલાઇન, ગટર તથા ડ્રેનેજ લાઇનની તાત્કાલિક ધોરણે સાફ-સફાઈ કરાવી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરશો. વધુમાં, ટેરેસ ઉપર કોઈપણ પ્રકારનો બિનજરૂરી સામાન, કચરો અથવા વૃક્ષોના પાન વગેરે ન રહે તે બાબતે ખાસ તકેદારી રાખવા વિનંતી છે, જેથી ચોમાસા દરમિયાન વરસાદી પાણી સરળતાથી નીકળી શકે અને બિલ્ડીંગોને નુકસાન થતું અટકાવી શકાય.

આ કામગીરીને પ્રાથમિકતા આપવા વિનંતી છે.

EXECUTIVE ENGINEER • NAVSARI AGRICULTURAL UNIVERSITY

જા.નં.નકૃયુ/કાઇ/બી-૭/ 2286 /૨૦૨૬
નવસારી તા.22/૦૫/૨૦૨૬

22/5/26

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના : (ઇ-પરિપત્ર)**
યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.